# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

---

ક્રમાંક: બીકેએનએમયુ/સંસ્કૃત સપ્તાહ/સંસ્કૃત/ ૨૭/૨૦૨૬ — તા.૨૧-૦૮-૨૦૨૬

વિષય : માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પિત "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના" અંતર્ગત તા. ૨૫ ઓગસ્ટ,૨૦૨૬ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવનું આયોજન કરવા બાબત.

સંદર્ભ :- સંસ્કૃત બોર્ડના તા. 07/02/2026, ના પત્ર નંબર ગુ. રા. સં. બો./મ. ક. મ./2026-27/4001-4163.

પરિપત્ર :-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે, ભારત સરકારશ્રી દ્વારા વર્ષ ૧૯૬૯ થી શ્રાવણી પૂર્ણિમાના અવસરે ભારત સરકારશ્રીના શિક્ષણ મંત્રાલય દ્વારા કેન્દ્ર અને રાજય સ્તરે સંસ્કૃત દિવસની ઉજવણીની ઘોષણા કરવામાં આવી છે. વિશ્વ સંસ્કૃત દિવસનો મુખ્ય હેતુ સંસ્કૃત ભાષાના સંવર્ધન, ભારતીય જ્ઞાનપરંપરાના સંરક્ષણ તથા સમાજમાં સંસ્કૃત પ્રત્યે જાગૃતિ અને ગૌરવભાવનો વિકાસ કરવાનો છે.

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીના કરકમલોથી "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના"નું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ યોજના અંતર્ગત દર વર્ષે વિશ્વ સંસ્કૃત દિવસ(શ્રાવણ પૂર્ણિમા)ના અવસરે સંસ્કૃત દિવસના ત્રણ દિવસ પૂર્વે, સંસ્કૃત દિવસ તથા ત્યાર બાદના ત્રણ દિવસ એમ કુલ સાત દિવસ "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ"નું આયોજન કરવામાં આવે છે.

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવનું આયોજન આ સાથે સામેલ રૂપરેખા મુજબ કરવા વિનંતી છે. સદર ઉજવણી માટે અલગથી કોઈ નાણાંકીય સહાય સંસ્કૃત બોર્ડ તરફથી આપવામાં આવશે નહિ. સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સંસાધનો દ્વારા ઉજવણી કરવાની રહેશે.

કુલસચિવ

બીડાણ :–(૧) સંદર્ભ પત્ર

પ્રતિ,

1) સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ,
2) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

નકલ સાદર રવાના –

(૧) કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

(૨) અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર,

(3) નાયબ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,

गुजरातराज्यसंस्कृतबोर्ड
शिक्षणविभागः, गुजरातसर्वकारः
Gujarat State Sanskrit Board
Education Department, Government of Gujarat

सत्यमेव जयते
ગુજરાત સરકાર

ક્રમાંક: ગુ.રા.સં.બો/મકમ/૨૦૨૬-૨૭/૪૦૦૧-૪૯૬૩ (સમયમર્યાદા) તા.૦૭/૦૮/૨૦૨૬

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

તમામ યુનિવર્સીટી

**વિષય** : માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પિત "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના" અંતર્ગત તા. ૨૫ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન રાજ્યની તમામ મહાવિદ્યાલયો તથા યુનિવર્સીટીઓમાં "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ"ના આયોજન બાબત.

મહોદયશ્રી,

ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૬૯ થી શ્રાવણી પૂર્ણિમાના અવસરે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા કેન્દ્ર અને રાજ્ય સ્તરે સંસ્કૃત દિવસની ઉજવણીની ઘોષણા કરવામાં આવી છે. વિશ્વ સંસ્કૃત દિવસનો મુખ્ય હેતુ સંસ્કૃત ભાષાના સંવર્ધન, ભારતીય જ્ઞાનપરંપરાના સંરક્ષણ તથા સમાજમાં સંસ્કૃત પ્રત્યે જાગૃતિ અને ગૌરવભાવનો વિકાસ કરવાનો છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ (NEP-2020) માં ભારતીય ભાષાઓના સંવર્ધન, ભારતીય જ્ઞાનપરંપરાના પુનર્જાગરણ, મૂલ્યઆધારિત શિક્ષણ તથા સંસ્કૃત ભાષાના પ્રચાર–પ્રસાર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ભારતીય જ્ઞાનપરંપરા, સાંસ્કૃતિક વારસા અને જીવનમૂલ્યો સાથે વિદ્યાર્થીઓને જોડવા માટે સંસ્કૃત ભાષાનું સંવર્ધન અત્યંત આવશ્યક માનવામાં આવ્યું છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત **ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ** દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીના કરકમલોથી "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના"નું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ યોજના અંતર્ગત દર વર્ષે વિશ્વ સંસ્કૃત દિવસ (શ્રાવણ પૂર્ણિમા)ના અવસરે સંસ્કૃત દિવસના ત્રણ દિવસ પૂર્વે, વિશ્વ સંસ્કૃત દિવસ તથા ત્યારબાદના ત્રણ દિવસ એમ કુલ સાત દિવસ "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ"નું આયોજન કરવામાં આવે છે. સંસ્કૃત સપ્તાહ મહોત્સવને માત્ર ઉજવણી તરીકે નહીં પરંતુ **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણ, ભારતીય જ્ઞાનપરંપરાના સંવર્ધન, સંસ્કૃત ભાષાના લોકપ્રિયીકરણ તથા વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ચેતનાના વિકાસ માટેના અભિયાન** તરીકે આયોજિત કરવામાં આવે છે.

વર્ષ **૨૦૨૬માં ૨૮ ઓગસ્ટ "વિશ્વ સંસ્કૃત દિવસ" અને તા.૨૫ ઓગસ્ટથી તા. ૩૧ ઓગસ્ટ,૨૦૨૬ (સંસ્કૃત સપ્તાહ)** દરમિયાન સમગ્ર રાજ્યની તમામ યુનિવર્સીટીઓમાં "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ"નું આયોજન કરવામાં આવે તથા **તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સંસ્કૃત સપ્તાહના સમાપન પ્રસંગે રાજ્યસ્તરીય "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ સમાપન સમારોહ"નું આયોજન કરવામાં આવશે**, જેમાં સમગ્ર રાજ્યમાં સપ્તાહ દરમિયાન આયોજિત વિવિધ પ્રવૃત્તિઓનું ગૌરવપૂર્ણ સમાપન, શ્રેષ્ઠ આયોજનોનું અવલોકન તથા સંસ્કૃત પ્રચાર–પ્રસાર માટે પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવશે. આથી આપના તાબા હેઠળના તમામ મહાવિદ્યાલયો તથા વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવનું આયોજન નીચે દર્શાવેલ રૂપરેખા મુજબ કરવા વિનંતી છે. સદર ઉજવણી માટે અલગથી કોઈ નાણાકીય સહાય સંસ્કૃત બોર્ડ તરફથી આપવામાં આવશે નહિ. સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સંસાધનો દ્વારા સ્પર્ધાઓ કરવાની રહેશે.

**નોંધ પર માનનીય અધ્યક્ષશ્રીની આજ્ઞાનુસાર**

**બિડાણ: (૧) સંસ્કૃત સપ્તાહ કાર્યક્રમની ઉજવણી અંગેની રૂપરેખા**

**(૨) https://share.google/UzzBqv1dYcD1bKQNn**

**(૩) દસ સુભાષિતના PDF અને અભ્યાસ માટે QR કોડ સ્કેન કરો**

(ડૉ.સંદીપ ભટ્ટ)
ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગાંધીનગર

**સવિનય નકલ રવાના:**

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના:**

- સંસ્કૃત નોડલ અધિકારીશ્રી (યુનિવર્સીટીઓ તમામ)

# <u>સંસ્કૃત સપ્તાહ કાર્યક્રમની ઉજવણી અંગેની રૂપરેખા</u>

## અનિવાર્ય વિશિષ્ટ કાર્યક્રમો

સંસ્કૃત સપ્તાહ દરમિયાન નીચે દર્શાવેલ ચાર વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન દરેક શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયો દ્વારા કરવામાં આવે.

**(૧) સંસ્કૃત ગૌરવ યાત્રા: તા.૨૫-૦૮-૨૦૨૬(મંગળવાર)**

સંસ્કૃત ભાષા, ભારતીય સંસ્કૃતિ તથા ભારતીય જ્ઞાનપરંપરાના પ્રચાર-પ્રસાર અને જનજાગૃતિના હેતુથી શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયો દ્વારા "સંસ્કૃત ગૌરવ યાત્રા"નું આયોજન કરવામાં આવે. યાત્રામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોની વ્યવસ્થાપન સમિતિના સભ્યો, સ્થાનિક જનપ્રતિનિધિઓ તથા નાગરિકોની સક્રિય સહભાગિતા સુનિશ્ચિત કરવામાં આવે. સંસ્કૃત સૂત્રો, સુભાષિતો, પ્રેરણાદાયી સંદેશો તથા ભારતીય સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતી ઝાંખીઓ દ્વારા સમાજમાં સંસ્કૃત પ્રત્યે ગૌરવભાવ અને જનજાગૃતિનું નિર્માણ કરવામાં આવે.

**(૨) સંસ્કૃત સંભાષણ દિવસ: તા.૨૭-૦૮-૨૦૨૬(ગુરુવાર)**

આ દિવસે શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોના સમગ્ર પરિસરમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો/પ્રાધ્યાપકો તથા કર્મચારીઓ દ્વારા શક્ય તેટલો સંસ્કૃત ભાષામાં સંવાદ, અભિવાદન અને દૈનિક વ્યવહાર કરવામાં આવે. પ્રાર્થના સભા, વર્ગખંડ તથા શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોની વિવિધ પ્રવૃત્તિઓમાં સરળ સંસ્કૃતના પ્રયોગને પ્રોત્સાહન આપી સંસ્કૃતને વ્યવહારની ભાષા તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવે.

**(૩) સંસ્કૃત સાહિત્ય દિવસ: તા.૨૯-૦૮-૨૦૨૬(શનિવાર)**

વિદ્યાર્થીઓને ભારતની સમૃદ્ધ જ્ઞાનપરંપરા સાથે પરિચિત કરવાના હેતુથી વેદ, ઉપનિષદ, શ્રીમદ્ ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત, મહાકાવ્યો, સુભાષિતો તથા અન્ય સંસ્કૃત ગ્રંથોના વાચન, વ્યાખ્યાન, પુસ્તક પ્રદર્શન, ગોષ્ઠી, કાવ્યપાઠ, નિબંધ, વક્તૃત્વ, પ્રશ્નોત્તરી તથા અન્ય સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે.

**(૪) સામૂહિક સુભાષિત પાઠ દિવસ: તા.૩૧-૦૮-૨૦૨૬(સોમવાર)**

સંસ્કૃત સાહિત્યમાં સુભાષિતો જીવનમૂલ્યો, નૈતિકતા, કર્તવ્યબોધ તથા આદર્શ જીવનશૈલીનું અમૂલ્ય માર્ગદર્શન આપે છે. વિદ્યાર્થીઓમાં સંસ્કાર, ભાષાપ્રેમ, સ્મરણશક્તિ તથા મૂલ્યનિષ્ઠ જીવનદષ્ટિનો વિકાસ થાય તે હેતુથી દરેક શાળામાં "સામૂહિક સુભાષિત પાઠ દિવસ"નું આયોજન કરવામાં આવે.

આ કાર્યક્રમ અંતર્ગત **માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા વિવિધ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પ્રસંગોએ ઉદ્ધૃત કરવામાં આવેલ દસ પ્રેરણાદાયી સંસ્કૃત સુભાષિતોનું પ્રાર્થના સભા દરમિયાન સામૂહિક પાઠ** કરાવવામાં આવે. વિદ્યાર્થીઓને સુભાષિતોનો અર્થ સમજાવી શુદ્ધ ઉચ્ચારણ સાથે કઠસ્થ કરાવવામાં આવે, જેથી સંસ્કૃત ભાષા પ્રત્યે આત્મીયતા, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવભાવ તથા જીવનમૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા વિકસે.**પત્રમાં આપેલ QR કોડમાં ઉચ્ચારણ સાથેની ઓડિયો કલીપ સામેલ છે.**

૨. વૈકલ્પિક કાર્યક્રમો

ઉપરોક્ત ચાર અનિવાર્ય વિશિષ્ટ કાર્યક્રમો ઉપરાંત શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયો પોતાની સ્થાનિક પરિસ્થિતિ, ઉપલબ્ધ સમય, માનવબળ તથા સંસાધનોને અનુરૂપ સંસ્કૃત સપ્તાહ મહોત્સવ(૨૫ થી ૩૧ ઓગસ્ટ-૨૦૨૬) દરમિયાન એક અથવા વધુ વૈકલ્પિક કાર્યક્રમોનું આયોજન કરી શકશે.

આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે અભિરુચિ, ભારતીય જ્ઞાનપરંપરા પ્રત્યે ગૌરવભાવ, સર્જનાત્મકતા, સંશોધનવૃત્તિ, નેતૃત્વક્ષમતા તથા સમાજસહભાગિતાનો વિકાસ કરવાનો છે.

આ અંતર્ગત શ્લોકગાન, સ્તોત્રપાઠ, સંસ્કૃત પ્રશ્નમંચ, પ્રતિભા શોધ, નિબંધ, વક્તૃત્વ, સુલેખન, ચિત્ર-પોસ્ટર સ્પર્ધા, દિવાલપત્રિકા, સંસ્કૃત નાટ્ય, કવિ સંમેલન, ભારતીય જ્ઞાનપરંપરા વિષયક વ્યાખ્યાનમાળા, ગ્રંથ પ્રદર્શન, વિદ્વદ્ ગોષ્ઠી, યોગ-આયુર્વેદ જાગૃતિ, ઔષધિ ઉદ્યાન, પંચવટી, પવિત્ર વૃક્ષારોપણ, ડિજિટલ સંસ્કૃત સર્જન, જનજાગૃતિ અભિયાન, સંસ્કૃત કારકિર્દી માર્ગદર્શન, સંસ્કૃત સેવા કાર્યક્રમો તથા સંસ્કૃત ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર વિદ્વાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓના સન્માન જેવા કાર્યક્રમોનું આયોજન કરી શકાશે. સ્થાનિક જરૂરિયાત અને નવીનતા અનુસાર સંસ્કૃતના પ્રચાર-પ્રસારને પ્રોત્સાહન આપતા અન્ય કાર્યક્રમોનું પણ આયોજન કરી શકાશે.

**અમલીકરણ બાબતે**

1. જિલ્લાના તમામ સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર (ખાનગી) શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોમાં આ પરિપત્રનો તાત્કાલિક અમલ સુનિશ્ચિત કરવામાં આવે.
2. દરેક શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોમાં ચારેય અનિવાર્ય વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન ફરજિયાતપણે થાય તેની અસરકારક દેખરેખ રાખવામાં આવે.
3. શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોને વૈકલ્પિક કાર્યક્રમોમાંથી વધુમાં વધુ ગુણવત્તાસભર, સર્જનાત્મક અને જનભાગીદારીયુક્ત કાર્યક્રમો યોજવા પ્રોત્સાહિત કરવામાં આવે.
4. સમગ્ર સંસ્કૃત સપ્તાહ મહોત્સવનું આયોજન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના ભાવને અનુરૂપ રાજ્યવ્યાપી શૈક્ષણિક અને સાંસ્કૃતિક અભિયાન તરીકે કરવામાં આવે.
5. કાર્યક્રમોના ફોટોગ્રાફ્સ, વિડિયો તથા સંક્ષિપ્ત અહેવાલ જિલ્લા કક્ષાએ સંકલિત કરીને નિયત સમયમર્યાદામાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને મોકલવામાં આવે.
6. તા. **૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રાજ્યસ્તરીય "સંસ્કૃત સપ્તાહ મહોત્સવ સમાપન સમારોહ"** માટે જિલ્લાના શ્રેષ્ઠ આયોજનો, નવીન પ્રવૃત્તિઓ તથા વિશિષ્ટ સિદ્ધિઓનો સંકલિત અહેવાલ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને સમયસર મોકલવામાં આવે.
7. સંસ્કૃત પ્રોત્સાહન યોજના અંતર્ગત ગત વર્ષે ગ્રાન્ટ મેળવેલ શાળાઓ તેમજ સંસ્કૃત કક્ષ ધરાવતી સંસ્થાઓએ સંસ્કૃત સપ્તાહોત્સવ કાર્યકમની ઉજવણી દરમિયાન મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની રહેશે.

આ પરિપત્રનો તાત્કાલિક અમલ સુનિશ્ચિત કરી રાજ્યની તમામ શાળાઓ/મહાવિદ્યાલયો/વિશ્વવિદ્યાલયોમાં **સંસ્કૃત સપ્તાહ મહોત્સવને લોકભાગીદારી, શૈક્ષણિક ગુણવત્તા અને સાંસ્કૃતિક ગૌરવ સાથે સફળતાપૂર્વક ઉજવવામાં આવે**.